सनातन धर्म ॐ ग्रंथावली

॥ श्री कृष्णाय नमः ॥

(શ્રી સનાતનધર્મોપદેશ)

શ્રી નીતિ વચનમાળા

(મણકો ૩ જો.)

- સંગ્રહકર્તા, અનુવાદક અને પ્રકાશક -

શાસ્ત્રી ગંગાશંકર મંછાશંકર

મહીધરપુરા લાલગીગાનો મોહલ્લો-સુરત

કીમત બે આના.

ॐ

॥ श्री कृष्णाय नमः ॥

(શ્રી સનાતનધર્મોપદેશ)

શ્રી નીતિ વચનમાળા.

(મ. ૩ જો.)

-: સંગ્રહકર્તા, અનુવાદક અને પ્રકાશક :-

શાસ્ત્રી ગંગાશંકર મંચ્છાશંકર.

મહીધરપુરા દાલગીયાનો મોહલ્લો-સુરત.

સુરત-ચૌટાના પૂલ ઉપર ટાકી પાસે આવેલા "શંકર" પ્રિ.

પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યું.

અમારો હેતુ.

અને તે સંબંધી ટુંક વિવેચન.

મનુષ્યોનાં અંતઃકરણોમાં ધર્મનીતિના સારા પવિત્ર સંસ્કારો ઉદય પામે અને તેમને પુરા પાડવામાં આવનાર **"નીતિ વચનમાળા"**ના ઉત્તમોત્તમ વચનામૃતોનું વાચન મનન કરી આલોક તથા પરલોકના દિવ્ય સુખોના ભોક્તા થઇ અને સાચા સુખને પ્રાપ્ત કરે એટલુંજ નહિ પરંતુ ચાલુ જમાનામા ચાલતો વ્યવહાર સારી રીતે સાચવી શકે એજ આ **વચનમાળા** પ્રકટ કરવાનો અમારો મુખ્ય હેતુ છે.

આ નીતિ વચનમાળાના અનુક્રમે ૧૦૮ ભાગ બહાર પાડવાનો અમારો વિચાર પ્રભુ કૃપાથી અવશ્ય પાર પાડશે ૧ લો તથા ૨ જો મણકો સજ્જન વાચકોના કરકમળમાં અર્પણ કરી આ ત્રીજો મણકો તેઓની સેવામાં અર્પણ કરીયે છીયે. કારણ કે આ ધર્મનીતિના વચનો સાર્વજનિક ઉપયોગી છે એટલુજ નહિ પરતુ પ્રત્યેક પુરૂષો એનો લાભ લઇ શકે એવા વિચારથી મણકાઓના રૂપે બહાર પાડવાની શરૂઆત કરી છે. આ મણકાઓના જે જે ગૃહસ્થો ગ્રાહક થયા હોય તેઓ શ્રમ લઇ દરેક ગ્રાહક દીઠ માત્ર પાંચ ગ્રાહકો કરી આપવાની કૃપા કરે તો અમારા આ પ્રયાસમાં અથવા તો સસ્તુ ધર્મનીતિનુ વાંચન અર્પણ કરવમા તેઓએ સપુર્ણ આશ્રય આપ્યો છે એમ અમે માનીશુ બાર મહીને લગભગ ૫૦૦ પૃષ્ઠનો અપુર્વ ખજાનો ફક્ત દોઢ રૂપિઆમાં પુરો પાડવામાં આવે તેવી નજીવી રકમ માટે હરકોઇ પણ ગ્રાહક થઇ શકે છે.

સુજ્ઞેષુ કિં બહુના.

સુરત મહીધરપુરા, હાલ-
ગીયાનો મહોલ્લો સં. ૯૮૦

શુભાકાંક્ષી,
શાસ્ત્રી ગંગાશંકર મંછાશંકર.

॥ श्रीकृष्णायनमः ॥

શ્રી નીતિ વચનમાળા.

वागादींद्रियग्रामं मनः प्राणं धियं वपुः ।
प्रेरयति हृदिस्थो यस्तं वन्दे कृष्णविग्रहम् ॥

ચરાચર જગતના હૃદયમાં રહેલા જે પરમાત્મા વાણિ વગેરે ઇંદ્રિયોના સમૂહને, મનને, પ્રાણને, બુદ્ધિને શરીરને પ્રેરણા કરે છે. તેજ શ્રીકૃષ્ણચંદ્ર પ્રભુને હું પ્રણામ કરૂં છું.

બ્રાહ્મણની કાયાનું લક્ષણ.

शौचमास्तिक्यमभ्यासो वेदेषु गुरुपूजनम् ।
प्रियातिथित्वमिज्या च ब्रह्मकायस्य लक्षणम ॥
(भ० धन्वं०)

શૌચ, આસ્તિકય, વેદનો અભ્યાસ, ગુરૂપૂજન, પ્રિય અતિથિનું પૂજન, દેવપૂજન એ બ્રાહ્મણની કાયાનું લક્ષણ છે.

બ્રાહ્મણના લક્ષણો.

एकाहारश्च संतुष्टः स्वल्पाशी स्वल्पमैथुनः ।
ऋतुकालाभिगामी च एतद् ब्राह्मणलक्षणम् ॥ १९१ ।
(आ० वा०)

એકવાર ભોજન કરવું; સંતોષ રાખવો, થોડું જમવું, મૈથુનકર્મમાં સ્વલ્પ પ્રવેશ રાખવો, અને ઋતુકાળે પોતાની સ્ત્રી સાથે અભિગમન કરવું એજ બ્રાહ્મણના લક્ષણો છે. ૨૯૧

योगस्तपो दमो दानं सत्यं शौचं दया श्रुतम् ।
विद्या विज्ञानमास्तिक्यमेतद् ब्राह्मणलक्षणम् ॥ १९२ ॥
(त्रमिष्टः)

યોગ, તપ, ઇંદ્રિયનું દમન કરવું. દાન, સત્ય, પવિત્રતા, દયા, શાસ્ત્રનો અભ્યાસ, વિદ્યા, બ્રહ્મજ્ઞાન, અને આસ્તિક્ય એ બ્રાહ્મણોના લક્ષણો છે. ૨૯૨

वेदमनूच्याचार्योऽन्तेवासिनमनुशास्ति ।

ગુરૂ ઉપનયનપૂર્વક વેદ ભણાવી પોતાના શિષ્યને નીચેના વાક્યોનો ઉપદેશ કરે છે,

सत्यं वद, धर्मं चर, स्वाध्यायान्मा प्रमदः, आचार्याय प्रियं धनमाहृत्य प्रजातंतुं मा व्यवच्छेत्सीः, सत्यान्न प्रमदितव्य, धर्मान्न प्रमदितव्यं, कुशलान्न प्रमदितव्यं, भूत्यै न प्रमदितव्यं स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यं, देवपितृकार्यान्न प्रमदितव्यं ॥ (कृ० य० तै० अनु० ११) (शीक्षावल्ली.)

સાચું બોલ, વેદમાં કહેલાં ધર્મનું આચરણ કર, વેદ વિદ્યાના અભ્યાસમાં પ્રમાદ ન કર, પોતાના વિદ્યા ગુરૂને માટે પ્રિય ધન આણી આપીને પ્રજા તંતુનો ઉચ્છેદ કર નહિ, સત્યમાં પ્રમાદ ન કરવો (ખોટું ન બોલવું) ધર્માનુષ્ઠાનમાં પ્રમાદ ન કરવો. (સદ્ધર્મી થવું.) કુશળ કર્મમાં (આયુષ્ય, આરોગ્યાદિ કલ્યાણ કરનાર વૈદિક અને લૌકિક, આત્મ સંરક્ષણ વગેરેમાં) પ્રમાદ ન કરવો, સમૃધ્ધિ આપવા વાળા કર્મોમાં પ્રમાદ ન કરવો, ભણવા ભણાવવા રૂપ કર્મોમાં પ્રમાદ ન કરવો, (નિયામત રહેવું) દેવકાર્ય (યાગાદિ) પિતૃ કાર્ય (શ્રાધ્ધાદિ) ન કરવા રૂપ પ્રમાદ ન કરવો, અર્થાત્ દેવ પિતૃકાર્ય અવશ્ય કરવાં.

मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव, अतिथिदेवो भव, यान्यवद्यानिकर्माणि तानि सेव्यानि नो इतराणी, यान्यस्माकं सुचरितानि तानि त्वयोपास्यानि नो इतराणि ॥ (तै. उ. पानु १७८)
(वल्ली २)

પોતાની માતામાં દેવ બુધ્ધિ રાખી તેનું પૂજન કર. પોતાના પિતામાં દેવબુદ્ધિ રાખી તેનું પૂજન કર, પોતાના ગુરૂમાં દેવબુધ્ધિ રાખી તેનું પૂજન કર, અતિથિમાં દેવબુધ્ધિ રાખી તેનું પુજન કર. બે પ્રકારના કર્મમાં જેઓ લોક પ્રસિધ્ધ અનિંદિત કર્મો છે તેનેજ તારે સેવવાં. અર્થાત્ તેજ પ્રમાણે આચરણ કરવું. પણ નિંદાપાત્ર કર્મોનો અવશ્ય ત્યાગ કરવો. અને અમારાં (ગુરૂના) જે સારા આચરણો શ્રુતિ સ્મૃતિમાં પ્રતિપાદન કરેલા હોય તેજ તારે કરવાં પરંતુ બીજા આચરણોનો ત્યાગ કરવો.

સુભાષિત રસની (વાણિની) શ્રેષ્ઠતા.

नायं प्रयाति विकृतिं विरसो न यः स्यान्
न क्षीयते बहुजनैर्नितरां निपीतः ।
जाड्यं निहन्ति रुचिमेति करोति तृप्तिं
नूनं सुभाषितरसोऽन्यरसातिशायी ॥ २९३ ॥

(सु०)

જે રસ વિકાર પામતો નથી જે વિરસ થતો નથી. જે ઘણા જનોના પીવાથી પણ ખુટી જતો નથી, બુદ્ધિની જડતાને નાશ કરે છે, રૂચિને વધારે છે અને તૃપ્તિ કરે છે. તેવો ખરેખર સુભાષિત રસ સર્વ રસ કરતાં વધારે શ્રેષ્ઠ છે, ૨૯૩

श्लोकस्तु श्लोकतां याति यत्र तिष्ठंति साधवः
लकारो लुप्यते तत्र यत्र तिष्ठन्त्यसाधवः ॥ २९४ ॥

જ્યાં ઉત્તમ પુરૂષો રહેલા હોય ત્યાં શ્લોક (ઉત્તમ કાવ્ય) પોતાના શ્લોક પણાને પામે છે. અને જ્યાં નઠારા પુરૂષો વસે છે ત્યાં તે શ્લોકમાંથી લ અક્ષર ઉડી જાય છે એટલે શોક થાય છે. ૨૯૪

(श्लोक શબ્દમાંથી ल લોપાય છે ત્યારે शोक શબ્દ થાય છે.)

માત્ર જે ભણે તે વિદ્વાન કહેવાતો નથી.

सत्यं तपो ज्ञानमहिंसता च विद्वत्प्रणामश्च सुशीलता च
एतानि यो धारयते स विद्वान्न केवलं यः पठते स विद्वान्
(सु०) ॥ २९५ ॥

સત્ય, તપ, જ્ઞાન, અહિંસા, વિદ્વાનોને પ્રણામ, અને સુશીલપણું આટલાને જે ધારણ કરે છે તેજ વિદ્વાન છે. પણ માત્ર ભણનારને વિદ્વાન કહેવાતો નથી. ૨૯૫

પુરોહિતપદની (ગોરપદું) રચના.

पुरीषस्य च रोषस्य हिंसायास्तस्करस्य च ।
आद्याक्षराणि संगृह्य वेधाश्चक्रे पुरोहितम् ॥ २९६ ॥
(सु०)

પુરીષ (છાણુ) શબ્દનો રોષ શબ્દનો, હિંસા શબ્દનો અને તસ્કર શબ્દનો પહેલો અક્ષર લઈને બ્રહ્મદેવે "પુરોહિત" શબ્દ બનાવ્યો છે. અર્થાત્ (ગોરપદામાં ઉપર ગણાવેલાં ગુણો અવશ્ય હોય છે.) ૨૯૬.

મહાત્માનું લક્ષણ.

विवेकः सह संयत्या विनयो विद्यया सह ।
प्रभुत्वं प्रश्रयोपेतं चिन्हमेतन्महात्मनाम् ॥ २९७ ॥ (सु०)

સંયમની સાથે વિવેક, વિદ્યાની સાથે વિનય, અને નમ્રતાની સાથે પ્રભુતા એ મોટા પુરૂષોનું (મહાત્માનું) લક્ષણ છે.

સત્પુરૂષનો કોપ નીચના સ્નેહ જેવો છે.

न भवति भवति च न चिरं भवति चिरं चेत्फले विसंवादी ।
कोपः सत्पुरुषाणां तुल्यं स्नेहेन नीचानाम् ॥ २९८ ॥
(सु०)

સત્પુરૂષો કદી પણ કોપ કરતાં નથી અને કદી જો કોપ કરે તો તે કોપ લાંબો વખત ટકી શકતો નથી એમ કરતાં જો કોપ લાંબો વખત ટકે તો છેવટે તેનું ફળ તે

સમયે ફરી જાય છે અથવા તે નિષ્ફળ થાય છે. એવો સત્પુરૂષોનો કોપ નીચ પુરૂષોના સ્નેહ જેવો છે. ૨૯૮

ત્રણ ભુવનમાં જય પામનાર પુરૂષનાં લક્ષણો.

मूकः परापवादे परदारनिरीक्षणेऽप्यन्धः ।
पंगुः परधनहरणे स जयति लोकत्रये पुरुषः ॥२९९॥
(सु०)

જે માણસ પરનિંદા વખતે મુંગો છે. પરસ્ત્રીને જોવામાં આંધળો છે. અને પરધન લેવા તરફ પાંગળો છે. અર્થાત્ પરધન લેતો નથી તેવો પુરૂષ આ ત્રણ લોકને જીતી લે છે. કદીપણ તે પરાજય પામતો નથી. ૨૯૯

કલ્યાણના માર્ગો કયા કયા ?

प्राणाघातान्निवृत्तिः परधन हरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्याप्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ।
तृष्णास्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेषपंथाः ॥३००॥
(भ. नी. श. ५४)

જીવની હિંસા ન કરવી, પારકું ધન હરણ કરવું નહિ. સાચું બોલવું, સમય પ્રમાણે યથાશકિત દાન કરવું, પારકી

સ્ત્રીઓની વાતમાં મુંગા રહેવું, અર્થાત્ સ્વપ્નામાં પરસ્ત્રીઓની કથા છોડી દેવી, તૃષ્ણા રૂપ પ્રવાહનો નાશ કરવો, પોતાના ગુરૂજનમાં વિનય પ્રમાણે વર્તવું, બધા પ્રાણિઓ પર દયા રાખવી, આ બાબતો સર્વ શાસ્ત્રોને સંમત છે. અને તે કલ્યાણનો માર્ગ છે. ૩૦૦

આ જગતમાં કોણ કોને હસે છે.

अर्था हसंत्युचितदानविहीनलुब्धं
भूम्यो हसन्ति मम भूमिरिति ब्रुवाणम् ।
जारा हसन्ति तनयानुपलालयन्तं
मृत्यु हसत्यवनियं रणरंगभीरुम् ॥३०१॥ (सु०)

યોગ્ય દાન નહિ કરનાર લોભીઆને ધન હસે છે, "આતો મારી જમીન છે" એમ બોલનાર પુરૂષને આ પૃથ્વી હસે છે, તેમજ બાળકોને લઇને રમાડનારાઓને જાર પુરૂષ હસે છે કે આ કોનાથી ઉત્પન થયેલાને રમાડે છે અને રણરંગથી બીનાર રાજાઓને મૃત્યુ હસે છે. કારણ કે જ્યારે ત્યારે મૃત્યુ તો લખેલુંજ છે. ૩૦૧.

બુદ્ધિમાનના હાથ તો લાંબાજ છે.

अपकृत्य बुद्धिमतो दूरस्थोऽस्मीति नाश्वसेत् ।
दीर्घौ बुद्धिमतो बाहू याभ्यां हिंसति दूरतः ॥ ३०२ ॥
(म. भा. उ. प.)

૧૧૬૭૪

બુધ્ધિમાનને અપકાર કરીને "હું દૂર છું" એમ ધારી વિશ્વાસ રાખવો નહિ કારણ કે બુધ્ધિમાનોના હાથ ઘણા લાંબા હોય છે જેથી તે દૂરથી પણ મરી શકે છે. ૩૦૨

મૂર્ખાના ટોળામાં બુદ્ધિમાને કદી પણ બોલવુંજ નહિ.

कोलाहले काककुलस्य जाते विराजते कोकिलकूजितं किम्
परस्परं संवदतां खलानां मौनं विधेयं सततं सुधीभिः ॥३०२॥
(वि. श.)

શું કાગડાઓનો કકળાટ (કોલાહલ) થઇ રહ્યો તેમાં કોયલનો ટઉકાર શોભે છે? નહિંજ! માટે પરસ્પર બકવાદ કરનાર મૂર્ખાઓનાં ટોળામાં બુધ્ધિમાનોએ અવશ્ય મુંગાજ બેસી રહેવું. તેમાંજ તેની શોભા છે. ૩૦૨

હંમેશાં કોણ કોને નીંદે છે?

प्रायेणात्र कुलान्वितं कुकुलजाः श्रीवल्लभं दुर्भगा ।
दातारं कृपणा ऋजूननृजवो वित्ते स्थितं निर्धनाः ॥
वैरूप्योपहताश्च कांतवपुषं धर्माश्रयं पापिनो ।
नानाशास्त्रविचक्षणं च पुरुषं निंदंति मुर्खाःसदा ॥३०३॥
(वि. श०)

ઘણું કરીને આ દુનિઆમાં હંમેશાં કુલવાનને દુષ્ટ લીન, સારા ભાગ્યવાળી સ્રીને દુર્ભાગણી, દાન કરનારને કૃપણ, સરલ પુરૂષને લુચ્ચાઓ, ધનવાનને નિર્ધન, રૂપાળાને કદરૂપા, ધર્મીષ્ઠને પાપીઓ અને નાના પ્રકારના શાસ્રમાં ચતુર પુરૂષને મૂર્ખાઓ નિંદે છે. ૩૦૩

નિષ્ફળ પ્રીતિનું વર્ણન.

का प्रीतिः सह मार्जारैः का प्रीतिरवनिपतौ ।
गणिकाभिश्च का प्रीतिः का प्रीतिर्भिक्षुकैःसह ॥३०४॥

બિલાડાંઓની સાથે પ્રીતિ શું કામની? તેમ રાજાઓ સાથે પ્રીતિ શું કામની? વેશ્યાઓ સાથે પ્રીતિ શું કામની? તેમ ભીખારીની સાથે પણ પ્રીતિ શું કામની? અર્થાત્ આટલા સાથે પ્રીતિ બાંધેલી નિષ્ફળ સમજવી ૩૦૪

વિટંબણામાં પડેલાઓનું વર્ણન.

मूर्खोऽशांतस्तपस्वी क्षितिपतिरलसो मत्सरो धर्मशीलो ।
दुःस्थो मानी गृहस्थः प्रभुरतिकृपणः शास्त्रभृद्धर्महीनः ॥
आज्ञाहीनो नरेंद्रः शुचिरपि सततं यः परान्नोपभोजी ।
वृद्धो रोगी दरिद्रः स च युवतिपतिर्धिग्विडंबप्रकारान् ॥३०५॥

(स्रु०)

અશાંત અને મૂર્ખ તપસ્વી, આળસુ રાજા, મત્સર રાખનાર ધર્મશીલ પુરૂષ, પર ઘેર રહેતો હોય છતાં અભિમાન રાખનારો, ધનવાન ગૃહસ્થાશ્રમી છતાં અત્યંત કૃપણ, શાસ્ત્ર જાણનાર છતાં અધર્મી, પોતે રાજા છે છતાં પોતાનો કોઇ પણ હુકમ માને નહિ તેવો પુરૂષ, હંમેશાં પવિત્રતા રાખે છતાં પણ પારકુ અન્ન ભક્ષણ કરનાર, પોતે વૃધ્ધ છે રોગી છે અને દરિદ્રી છે છતાં જુવાન સ્ત્રીનો સ્વામી હોય, એટલા પુરૂષોને આ જગતમાં વિટંબણામાં પડેલાં જાણવા. ૩૦૫

મૂર્ખને સમજાવવાનો ઉપાય નથી.

शक्यो वारयितुं जलेन हुतभुक् छत्रेण सूर्यातपो
नागेंद्रो निशितांकुशेन समदो दंडेन गौर्गर्दभः ।
व्याधिर्भैषजसंग्रहैश्च विविधैर्मन्त्रप्रयोगैर्विषं
सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम् ॥३०६॥

(भ. नी. श्लोक १०)

અગ્નિ જળ વડે નિવારણ થઇ શકે છે સૂર્યનો તડકો છત્રથી, મદોન્મત્ત હાથી તીક્ષ્ણ અંકુશ વડે, કુષ્ટ વગેરે ભયંકર વ્યાધીઓ ઔષધીનું સેવન કરવાથી અને ઝેર વિચાર પૂર્વક વિધવિધ પ્રકારના રક્ષણ મંત્રોના પ્રયોગ વડે નિવારણ કરી શકાય છે. એ પ્રમાણે સઘળાનો ઉપાય શાસ્ત્રમાં કહ્યો

છે. પણ પંડિતંમન્ય મૂર્ખાઓને સમજાવવાનો ઉપાય છેજ નહિ ૩૦૬

મૂર્ખના પાંચ લક્ષણો.

मूर्खस्य पंच चिन्हानि गर्वो दुर्वचनं तथा ।
क्रोधश्च दृढवादश्च परवाक्येष्वनादरः ॥३०७॥ (कल्पतरु)

ગર્વ, દુર્વચન (ગાળો ભાંડવી તે) ક્રોધ, હઠ તથા પારકા વચનનો અનાદર એ પાંચ ચિન્હ (લક્ષણો) મૂર્ખના છે. ૩૦૭

કુલીન વિદ્વાનને ગર્વ નથી.

सपूर्णकुंभो न करोति शब्दमर्द्धोघटो घोषमुपैति नूनम् ।
विद्वान् कुलीनो न करोति गर्वं गुणैर्विहीना बहु जल्पयंति

જેમ સંપૂર્ણ ભરેલો ઘડો શબ્દ કરતો નથી પણ અધુરો ઘડો વારંવાર શબ્દ કરે છે. તેમ કુલીન વિદ્વાન ગર્વ કરતો નથી પણ ગુણહીન માણસોજ બહુબકવાદ કરે છે. ૩૦૮

અંતઃકરણને મીઠી લાગનારી ત્રણ વસ્તુ.

संचित्य संचित्य जगत्समस्तं
त्रयः पदार्था हृदयं प्रविष्टाः ।
इक्षोर्विकाराः कृतयः कवीनां
मुग्धांगनापांगतरंगितानि ॥ ३०९ ॥
(सु०)

આ સમથ જગતમાં વિચાર કરતાં કરતાં ફકત ત્રણજ વસ્તુઓ અંતઃકરણને મધુરી લાગી એકતો શેરડીથી બનેલો ગોળ તથા સાકર, બીજી કવિઓની કવિતાઓ કે જે વાંચ્યાથી તેમાં મધુરતા અલૌકિક લાગે છે. અને ત્રીજી મુગ્ધા સ્ત્રીઓના નેત્ર કટાક્ષની લહેરો શ્રૃંગાર રસમાં એવી મધુરી લાગે છે કે જેની ઉપમાં આપી શકાય તેમ નથી આ ત્રણ વસ્તુ અંતઃકરણને મીઠી લાગે છે. ૩૦૯

પરસ્ત્રીનો પ્રેમ કુલનો નાશ કરે છે, (નકામો છે.)

परिहरतु परांगनानुषंगं
इदमतिजीवितमस्ति वल्लभं चेत् ।
हरि हरि हरिणीदृशो निमित्तं
दश दशकंधरमौलयो लुठन्ति ॥ ३१० ॥

જે માણુસને ઘણું જીવવાની ઈચ્છા હોય અથવાતો વંશની ઈચ્છા હોય તેણે પારકી સ્ત્રીનો સંગ ત્યાગ કરવો કારણ કે હરિણી સરખાં નેત્ર વાળી સીતાનું હરણ કરવાથી રાવણના દશ માથા રણમાં રોળાયાં માટે પરસ્ત્રીની સોબત અવશ્ય ત્યાગ કરવી. ૩૧૦

રખડવાથી સ્ત્રી ભ્રષ્ટ થાય છે.

भ्रमन्संपूज्यते राजा भ्रमन्संपूज्यते धनी।
भ्रमन्संपूज्यते विद्वान् स्त्री भ्रमंति विनश्यति ॥ ३११ ॥
(वि० शा०)

બહાર ભટકવાથી રાજા પૂજાય છે. ધનવાન તથા વિદ્વાન પણ બહાર ફરવાથી પૂજાય છે પરંતુ જો સ્ત્રી બહાર ફરવા નીકળે તો તેથી તે ભ્રષ્ટ થાય છે (બગડે છે) ૩૧૧.

કોણ કોનો શત્રુ છે?

लुब्धानां याचकः शत्रुश्चोराणां चंद्रमा रिपुः।
जारस्त्रीणां पतिः शत्रुर्मूर्खाणां बोधको रिपुः ॥ ३१२ ॥

લોભીઓને યાચક શત્રુ સમાન લાગે છે, ચોરને ચંદ્રમા શત્રુ સમાન છે. વ્યભિચારિણી સ્ત્રીઓને પોતાનો સ્વામી શત્રુ સમાન છે અને મૂર્ખાઓને બોધ આપનારો શત્રુ સમાન છે. ૩૧૨

साक्षरं पुरुषं दृष्ट्वा यो नरो नाभिमन्यते।
बलीवर्दसमो लोके खुरशृंगविवर्जितः ॥ ३१३ ॥
(सु०)

વિદ્વાનને જોતાં જે પુરૂષને આનંદ થતો નથી તેવા પુરૂષને ખરી તથા શીંગડા વગરનો બળદજ સમજવો. ૩૧૩

प्रदोषे दीपकश्चंद्रः प्रभाते दीपको रविः ।
त्रैलोक्ये दीपको धर्मः सुपुत्रः कुलदीपकः ॥ ३१४ ॥

સંધ્યા સમયનો દીવો ચંદ્રમા છે. પ્રભાતનો દીવો સૂર્ય છે. ત્રણ લોકનો દીવો ધર્મ છે અને સુપુત્ર કુળનો દીવો છે. ૩૧૪

જાર પુરૂષ પણ ઘર ધણી થાય છે તે વિષે.

दद्यात्साधुर्यदि निजपदे दुर्जनाय प्रवेशं
तन्नाशाय प्रभवति ततो वांछमानः स्वयं सः ।
तस्माद्देयो विपुलमतिभिर्नावकाशोऽधमानां
जारोऽपि स्याद्गृहपतिरिति श्रूयते वाक्यतोऽत्र ॥ ३१५ ॥

સારો માણસ કદાપી નઠારા માણસને પોતાની રહેવાની જગ્યામાં સ્થાન આપે તો તે થોડા દિવસમાંજ તે સાધુ જનનો નાશ કરવામાં સમર્થ થાય છે. તે માટે શાણા પુરૂષે અધમને કદી પણ સ્થાન આપવું નહિ. કારણ કે કોઇ વખત (જાર) વ્યભિચારી પુરૂષ પણ ઘરધણિ થઇ બેસે છે. ૩૧૫

सविता विधवति विधुरपि सवितरति यथा दिनति यामिन्यः
यामिनयन्तिच सुखदुःखवशीकृते मनसि ॥ ३१६ ॥ (सु०)

જ્યારે માણુસને સુખ મળે ત્યારે સૂર્ય પણ ચંદ્રના સરખો શીતળ અને આનંદકારક લાગે છે. અને દુઃખના સમયમાં ચંદ્રના શીતળ કિરણો સૂર્યના સરખાં તપેલાં લાગે છે. તેમજ સુખમાં રાત્રિ દિવસના જેવી ઉત્સાહમાં વીતિ જાય છે અને દુઃખમાં દિવસ રાત્રિના જેવો શૂન્ય લાગે છે. ૩૧૬

કામ થયા પછી કોણુ કોનો દ્વેષ કરે છે.

निर्वृत्ताध्वरकृत्य ऋत्विजमहो तीर्णापगो नाविकं
युद्धान्ते सुभटं च सिद्धविजयो वोढारमाप्तस्थलः
वृद्धं वारवधूजनं च कितवो निर्धृष्टतद्यौवनो
ध्वस्तातंकचयश्चिकित्सितमपि द्वेष्टि प्रदेयार्थिनम

(सु०) ॥ ३१७ ॥

પોતાનો યજ્ઞ સમાપ્ત થયા પછી યજમાન બ્રાહ્મણોનો દ્વેષ કરે છે, હોડીમાં બેસનાર માણુસ નદી ઉતર્યા પછી ખલાસીનો દ્વેષ કરે છે, જીતેલો રાજા યુધ્ધ સમાપ્ત થઇ રહ્યા બાદ પોતાના યોધ્ધાઓનો દ્વેષ કરે છે, સારી જગ્યા મળ્યા પછી તે જગાપર બેસનાર માણુસ તે બેસાડનારનો દ્વેષ કરે છે, ધૂતારો પોતાની રાખેલી વેશ્યા ઘરડી થાય ત્યારે તેનો દ્વેષ કરે છે, રોગી માણુસ પોતાનો રોગ નાશ થયા બાદ તે વૈદ્યનો દ્વેષ કરે છે. ૩૧૭

વિદ્યા અને કળાનો વિચાર

यद् यत्स्याद्वाचिकं सम्यक् कर्मविद्याभिसंज्ञकम् ।
शक्तो मूकोऽपि यत्कर्तुं कलासंज्ञं तु तत्स्मृतम् ॥३१८॥
(शु. नी.)

જે વાણિથી સારી રીતે શીખી શકાય તેને વિદ્યા કહેવી. અને જે મુંગો પણ કરવા સમર્થ થાય તેને કળા કહેવી. ૩૧૮

" ઘર ફીટે ઘર જાય "

यत्रात्मीयो जनो नास्ति भेदस्तत्र न विद्यते ।
कुठारे दंडनिर्मुक्ते भिद्यंते तरवः कथम् ।।३१९॥ (स. त.)

જ્યાં પોતામાંનો મનુષ્ય પારકા સાથે મળી જતો નથી ત્યાં પારકાથી પોતાનું નુકસાન કદી થઇ શકે નહિ કારણકે લાકડાનો હાથો નાંખ્યા વિના એકલા લોખંડના કુવાડાથી વૃક્ષો કેમ કપાય ? ૩૧૯

कुठारमालिकां दृष्ट्वा कंपिताः सकला द्रुमाः ।
वृद्धस्तरुरुवाचेदं स्वजातिर्नैव दृश्यते ॥३२०॥

દોરડામાં પરોવેલી કુવાડાની માળાને જોઈને તમામ વૃક્ષો કાંપવા લાગ્યા તે વખતે તેમાંથી એક ઘરડું વૃક્ષ બોલી ઉઠયું કે ? તમે કોઈ પણ ડરશો નહિ હજુ તેમાં આપણી જાતવાળો ભળેલો નથી. ૩૨૦

સ્વસ્થ અવસ્થામાં શ્રેય મેળવવા વિષે.

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो ।
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ॥
आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान् ।
संदीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥३२१॥
(वै. श. श्लो. ७५)

જ્યાંસુધી આ શરીર સ્વસ્થ (પીડારહિત) છે. રોગ વિનાનું છે. જ્યાં સુધી વૃધ્ધાવસ્થા નથી આવી, જ્યાં સુધી ઈંદ્રિયોની શકિત નાશ પામી નથી આયુષ્યનો ક્ષય થયો નથી તેટલા વખતમાંજ બુધ્ધિમાન માણસે પોતાના આત્માના કલ્યાણને માટે જે કાંઇ કરવું હોય તે કરી લેવું. કારણ કે અવસાન વખતે કરવું તે કોના જેવું છે કે જેમ આપાણું ઘર બળતુ હોય અને તે વેળા કુવો ખોદવો જેમ નિરર્થક છે તેમ આત્મ કલ્યાણનો ઉદ્યોગ પણ નિરર્થક છે. ૩૨૧

અર્થ જાણ્યા વગર ભણવું તે મિથ્યા છે.

स्थाणुरयं भारवाहः किलाभूदधीत्य वेदान्न विजानातियोर्थं ।
योर्थज्ञः सन्सकलं भद्रमश्नुते ना..केति ज्ञानविधूतपाप्मा ॥३२२॥
(यास्कमुनिः)

જે માણસ વેદવિદ્યાનો અભ્યાસ કરી તેનો અર્થ જાણતો નથી તે વૃથા ભાર ઉપાડનાર થાંભલા જેવો છે. અને જે અર્થજ્ઞ છે તે જ્ઞાનથી ધોવાયલા પાપવાળો થાય છે. (પવિત્ર) તે ઉત્તમ લોકને પામી સંપુર્ણ સુખનો ભોગવનાર થાય છે. ૩૨૨

यथाखरश्चंदनभारवाही भारस्य वेत्ता न तु चंदनस्य ।
एवं हि शास्त्राणि बहून्यधीत्य चार्थेषु मूढाः खरवद्वहंति ॥३२३॥
(सुश्रुत अ. ४)

જેમ ચંદનના ભારને વહન કરનાર ગધેડો માત્ર ભારજ ઉંચકી જાણે છે. પણ ચંદનને જાણતો નથી તેમ જે ઘણા શાસ્ત્ર ભણી અર્થમાં મુઢ હોય તે ગધેડાની પેઠે માત્ર ભારજ ઉંચકી જાણે છે. ૩૨૩

વૈદરાજે કેવો સ્વભાવ રાખવો?

स्त्रीभिः सहास्यां संवासं परिहासंच वर्जयेत् ।
दत्तं च ताभ्यो नादेयमन्नादन्यद्भिषग्वरैः ॥३२४॥
(सु. सू. १०)

વૈદ્યે સ્ત્રીઓની સાથે બેસવાની રહેવાની અને હાંસી (મશ્કરી) કરવાની ટેવ રાખવી નહિ. ઉત્તમ વૈદ્યોએ સ્ત્રીઓની પાસેથી અનાજ સિવાય બીજું કશું પણ તેઓ આપે તો પણ તે લેવું નહિ. (રાજાની કે સ્ત્રીઓના પતિઓની અનુમતિથી ધન વગેરે લઇ શકાય છે.) ૩૨૪

દુનીઆ શાથી વશ થાય છે.

मित्रं स्वच्छतया रिपुं नयबलैर्लुब्धं धनैरीश्वरं ।
कार्येण द्विजमादरेण युवतिं प्रेम्णा शमैर्बांधवान् ॥
अत्युग्रं स्तुतिभिर्गुरुं प्रणतिभिर्मूर्खं कथाभिर्बुधं ।
विद्याभी रसिकं रसेन सकलं शीलेन कुर्याद्वशम् ॥३२५॥
(सु०)

કપટ વિનાના સ્વચ્છ અંતઃકરણથી મિત્રને વશ કરવો નીતિબળથી શત્રુને વશ કરવો, લોભીને ધનથી વશ કરવો, કામ કરીને શેઠને વશ કરવા, આદર સત્કારથી બ્રાહ્મણને વશ કરવો, જુવાન સ્ત્રીને પ્રેમથી વશ કરવી, શમ વગેરે ગુણોથી બાંધવોને વશ કરવા. અત્યંત ઉગ્ર સ્તુતિથી ગુરૂને વશ કરવા, મૂર્ખાને નમસ્કારથી વશ કરવો, ડાહ્યા માણસને વાતોથી વશ કરવો, રસિકને રસથી વશ કરવો, અને દરેક માણસને સારા સ્વભાવથી વશ કરવા ૩૨૫

સંગતી માત્રથી પાપ નાશ કરનારાઓ વિષે.

यतिर्व्रती चापि पतिव्रताश्च वीराश्च शूराश्चदयापराश्च
त्यागी च भोगी च बहुश्रुताश्च सुसंगमात्रेण दहंति पापम्
(सु०) ३२६

યોગી, બ્રહ્મચારી, પતિવ્રતા સ્ત્રી, શૂરવીર, દયાળુ દાન કરનારો, ભોગ કરનાર, અને બહુશ્રુત આટલા માણસોની સંગતિ થતાં બરોબર પાપો નાશ પામે છે. ૩૨૬

સિદ્ધ થયેથી ફળ આપનારી વસ્તુઓ.

राजाश्रयस्तस्करताश्वपण्यमाथर्वणं चापि समुद्रयानं ।
एतानि सिध्यंति महाफलानि विपर्यये प्राणहराणिपंच ॥३२७॥
(सु०)

રાજાનો આશ્રય, ચોરીનું દ્રવ્ય, ઘોડાનો વેપાર, અથર્વેદના મંત્રો, સમુદ્રમાં પ્રયાણ આટલાં પાંચ સિધ્ધ થાય છે ત્યારે એના ફળ ઘણા સારા મળે છે. પરંતુ એ જો વિપરીત થાય છે ત્યારે પ્રાણ નાશ કરે છે. ૩૨૭

રાજાના આશ્રયીના છ ગુણો.

आज्ञा कीर्तिः पालनं ब्राह्मणानां दानं भोगो मित्रसंरक्षणंच
येषामेते षड्गुणा न प्रवृत्ताः कोऽर्थस्तेषां पार्थिवोपाश्रयेण ॥३२८॥
(नी. श. ३९)

આજ્ઞા, કીર્તિ, બ્રાહ્મણોનું રક્ષણ, દાન, વૈભવ, અને મિત્રોનું રક્ષણ આ છ ગુણો રાજાનો આશ્રય કરનાર માણસોમાં ન હોય તો તેને રાજાના આશ્રયથી શું ફળ. અર્થાત્ રાજાશ્રયીમાં આ ગુણો હોવાજ જોઈએ. ૩૨૮

कोलाभो गुणिसंगमः किमसुखं प्राज्ञेतरैः संगतिः ।
का हानिः समयच्युतिर्निपुणता का धर्मतत्वे रतिः ॥
कः शूरो विजितेंद्रियः प्रियतमा कानुव्रता किं धनं ।
विद्या किं सुखमप्रवासगमनं राज्यं किमाज्ञाफलम् ॥३२९॥

લાભ કયો ? ગુણવાનનો સમાગમ થાય તે, દુઃખ કોને કહેવું ? બુદ્ધિ વગરના માણસની સંગતિ કરવી તેને, હાની કોને કહેવી ? સમયને ચુકે તેને. કુશળતા કોને કહેવી ? ધર્મના તત્વોમાં પ્રીતિ રાખે તેને, શૂરવીર કોણ ? જેણે ઈંદ્રયોને જીતેલી હોય તે, અત્યંત વહાલી સ્ત્રી કયી ? જે પોતાના સ્વામીના મત પ્રમાણે ચાલે તે, ધન કયું ?

વિદ્યા, સુખ શું ? પરદેશ ન જવું પડે તે, આખી દુનિયા તેમજ પોતાની પ્રજા પોતાની આજ્ઞા પાળે તેનેજ રાજ્ય કહેવાય ૩૨૯

સન્મિત્રના લક્ષણો.

पापान्निवारयति योजयते हिताय ।
गुह्यानि गूहति गुणान् प्रकटीकरोति ॥
आपद्गतं च न जहाति ददाति काले ।
सन्मित्रलक्षणमिदं प्रवदंति संतः ॥३३०॥ (भ०)

પાપ કર્મથી વારે, હિતમાં જોડે, છાનીવાત ઢાંકી રાખે, ગુણોને પ્રકટ કરે, આપત્તિ વખતે છોડે નહિ, વખતસર મદદ કરે, એ સાચા મિત્રના લક્ષણો સંત પુરૂષોએ કહ્યાં છે. ૩૩૦

का विद्या कवितां विनार्थिनिजने त्यागं विना श्रीश्च का
को धर्मः कृपया विना क्षितिपतिः को नाम नीतिं विना ।
कः सूनुर्विनयं विना कुलवधूः का स्वामिभक्तिं विना
भोग्यं किं रमणीं विना क्षितितले किं जन्म कीर्तिंविना
॥३३१॥ (सु०)

કવિતા કરવાની શકિત વિનાની વિદ્યા નકામી. યાચકોને દાન આપ્યા વિનાની લક્ષ્મી હોય તે પણ શું કામની? દયા વગરનો ધર્મ શું કામનો? સારી નીતિ ન પાળનાર રાજા શું કામનો? વિનય (નમ્રતા) વગરનો પુત્ર શું કામનો? પોતાના ધણીમાં ભકિતભાવ ન રાખનારી કુળવાન સ્ત્રી શું કામની? સુંદર સ્ત્રી વિના આ દુનિયામાં બીજું ભોગવવાનું એ શું? અને કીર્તિ વિના આ દુનિયામાં જીવવું પણ શું કામનું? ૩૩૧

ગૃહસ્થાશ્રમની શ્રેષ્ઠતા.

न्यायार्जितधनस्तत्वज्ञाननिष्ठोऽतिथिप्रियः ।
शास्त्रवित्सत्यवादी च गृहस्थोऽपि विमुच्यते ॥३३२॥ (सु.)

ન્યાયથી ધન મેળવનાર, તત્વજ્ઞાનપર નિષ્ઠા રાખનાર અતિથિ ઉપર પ્રીતિ રાખનાર, શાસ્ત્ર જાણનાર, અને સત્ય વચન બોલનાર ગૃહસ્થ હોય તો પણ તે મુકિતને પામે છે. ૩૩૨

यदि रामा यदि च रमा यदि तनयो विनयश्रीगुणोपेतः ।
तनये तनयोत्पत्तिः सुरवरनगरे किमाधिक्यम् ॥३३३॥

જેને સ્ત્રી છે, લક્ષ્મી છે, વિનયી તથા બુદ્ધિમાન પુત્ર છે, પુત્રને ઘેર પુત્ર છે. તો તેને ઇંદ્રના નગરમાં શું અધિક છે. ૩૩૩

અન્નદાનની શ્રેષ્ઠતા.

अन्नाद्बलं च तेजश्च प्राणिनां वर्द्धते सदा ।
अन्नदानमतस्तस्माच्छ्रेष्ठमाह प्रजापतिः ॥३३४॥
(म. भा. अ.)

અન્નથી પ્રાણિઓનું તેજ તથા બળ સદા વધે છે. તેથી પ્રજાપતિએ સઘળા દાનમાં અન્ન દાન શ્રેષ્ઠ કહ્યું છે. ૩૩૪

જળ દાનની શ્રેષ્ઠતા.

पानीयं परमं दानं दानानां मनुरब्रवीत् ।
तस्मात्कूपांश्च वापीश्च तडागानि च खानयेत् ॥३३५॥
(म. भा. अ.)

મનુએ સર્વ પ્રકારનાં દાનમાં પાણીનું દાન શ્રેષ્ઠ કહ્યું છે માટે વાવ, કુવા, તથા તળાવો વગેરે ખોદાવવા. ૩૩૫

મૂર્ખ પુત્ર ન હોય તેજ સારૂં છે !

वरं गर्भास्रावो वरमपि च नैवाभिगमनं ।
वरं जातप्रेतो वरमपि च कन्यैव जनिता ॥
वरं वंध्या भार्या वरमपि च गर्भेषु वसति ।
न चाविद्वान्रूपद्रविणगुणयुक्तोऽपि तनयः ॥३३६॥
(सु०)

ગર્ભ સ્રાવ થઇ જાય તે સારો સ્ત્રી પાસે ન જવું તે સારૂં જન્મ્યા પછી મરણ થાય તે સારૂં કન્યાનો જન્મ થાય તે સારો, સ્ત્રી વાંઝણી રહે તે સારી અને ગર્ભમાંજ સ્થંભી (થોભી) રહેવું તે સારૂં પણ રૂપ, દ્રવ્ય અને ગુણ સાથે પુત્ર વિદ્યા વગરનો (મૂર્ખ) હોય તે સારૂં નહિ ૩૩૬

કુપુત્રના સ્વભાવનું વર્ણન.

पित्रोर्नैव वचः शृणोति दिवसत्यागे व्रजत्यालयं ।
यान्तिभिर्युवतीभिर ध्वनि मुहुः कौतुहलं विन्दति ॥
बंधूनामुपदेशवाचि वदति क्रोधैकतानं वचः ।
साधून्निन्दति दुर्जनं च मनुते मित्रं कुपुत्रो जनः ॥३३७॥
(सु०)

જે માત પિતાનું વચન સાંભળતો નથી, દિવસના અસ્ત સમયે રખડી રઝળી ઘેર આવે છે, અને રસ્તામાં જતી યુવાન બાળાઓનું કૌતુક વારંવાર જોયા કરે છે, પોતાના બંધુઓ કાંઈપણ ઉપદેશનું વચન કહે તો તેના સામું ક્રોધનાં વચનો બોલે છે, સાધુ પુરૂષોની નિંદા કરે છે અને દુર્જનને પોતાના મિત્ર માને છે તે કુપુત્ર કહેવાય છે. ૩૩૭

કુપુત્ર નકામો છે.

दाने तपसि शौर्ये च यस्य न प्रथितं यशः ।
विद्यायामर्थलाभे च मातुरुच्चार एव सः ॥३३८॥ (सु.)

દાન કરવામાં, તપ કરવામાં, શૌર્યમાં, વિદ્યામાં, પૈસો મેળવવામાં જેનો યશ પ્રખ્યાત થયો નથી. તેવો પુત્ર માતાના ઉદરમાંથી નિકળેલી વિષ્ઠાના જેવોજ સમજવો (કહેવા માત્રજ જાણવો) ૩૩૮

સળેખમનાશક વસ્તુઓ અને પુણ્યકારક વ્રતો.

आषाढी कार्त्तकी माघी वचाशुण्ठी हरीतकी ।
गयायां पिण्डदानेन "पुण्या श्लेष्महरानृणी" ॥ ३३९ ॥

પુણ્યકારક, કફનાશક અને અનૃણુ વસ્તુ કયી છે? આષાઢ માસની, કાર્તિક માસની અને માઘ માસની એ

ત્રણ એકાદશી પુણ્યકારક છે. ઘોડાવજ, સુંઠ અને હરડે એ ત્રણ વસ્તુ સળેખમ અથવા શરદીના કફનો નાશકારક છે; અને ગયાજીમાં પિંડદાન દીધાથી ઋણમુક્ત થવાય છે. ૩૩૯

આંખ મીંચાયા પછી બધું નકામું છે.

चेतोहरा युवतयः सुहृदोऽनुकूला ।
सद्बान्धवाः प्रणयनम्रगिरश्च भृत्याः ॥
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरंगाः ।
"संमीलने नयनयोर्नहि किंचिदस्ति" ॥३४०॥

મનહરણ કરનારી યુવતીઓ છે. અનુકૂળ મિત્રો છે, સ્નેહવાળા બાંધવો (સગાંઓ) છે. ભક્તિભાવ, નમ્રતા અને મધુર વાણી બોલનાર ચાકરો છે. મોટા મોટા હાથીઓ ગાજે છે. ઘોડાઓ નાચે છે. આ સર્વ વૈભવ છે પરંતુ જ્યારે "આંખ મીંચાય છે. ત્યારે તે વૈભવ કાંઇપણ કામ આવતો નથી (મિથ્યા છે)." ૩૪૦

દુર્જનનો પ્રસંગ નિંદા પાત્ર છે.

रे पुत्र सत्संगमवाप्नुहित्वमसत्प्रसंगं त्वरया विहाय ।
धन्योऽपि निंदां लभते कुसंगात् "सिंदूरबिंदुर्विधवाललाटे"
॥३४१॥ (સુ૦)

અરે ! પુત્ર તું ખરાબ જનોની સોબત એકદમ છોડી દે અને સજ્જનોની સોબત કર કેમકે જેમ "સિંદુરની ઝીણી ટીપકી વિધવાને કપાળે" હોવાથી તેની જેમ નિંદા થાય છે. તેમ નઠારા માણસોની લગાર પણ સોબતથી મોટાઓ પણ નિંદા પાત્ર થાય છે. ૩૪૧

આટલી વસ્તુને કોઈપણ રોકી શકતું નથી.

सस्यानि स्वयमत्ति चेद्वसुमती माता सुतं हन्ति चे
द्वेलामंबुनिधिर्विलंघयति चेद्भूमिं दहत्पावकः ।
आकाशं जनमस्तके पतति चेदन्नं विषं चेद्भवे
दन्यायं कुरुते यदि क्षितिपतिः कस्तं निरोध्धुं क्षमः
॥३४२॥ (सु०)

પૃથ્વી પોતેજ જો અનાજ ભક્ષણ કરી જતી હોય પોતાની માતાજ જો પુત્રને મારી નાંખતી હોય, સમુદ્ર પોતેજ જો મર્યાદા મુકી દેતો હોય, અગ્નિ જો પૃથ્વીને બાળી નાંખતો હોય, માણસોના માથા પર આકાશ જો પડતું હોય, ખોરાક પોતેજ ઝેર થઈ જતો હોય અને રાજા પોતેજ જો અન્યાય કરતો હોય ત્યારે તેને રોકવાને માટે કોણ સમર્થ છે. અર્થાત્ કોઈ પણ સમર્થ નથી. ૩૪૨

આ મારૂં છે તે કદી પણ પારકું થવાનું નથી.

प्राप्तव्यमर्थं लभते मनुष्यो देवोऽपि तं लंघयितुं न शक्तः।
तस्मान्न शोचामि न विस्मयो मे यदस्मदीयं नहि तत्परेषाम्
॥३४३॥ (भो. सु.)

જે અર્થ (વસ્તુ વગેરે) પ્રાપ્ત થવા યોગ્ય છે તેનેજ માણસો પ્રાપ્ત કરે છે, અને તેને ઉલ્લંઘન કરવાને દૈવ પણ સમર્થ નથી તેથી મને કદાચિ પણ શોક નથી અને મને વિસ્મય પણ નથી માટે હું કહું છું કે જે આ મારૂં છે તે કદી પણ બીજાનું થવાનું નથી. ૩૪૩

આપત્તિ વખતે બુદ્ધિ મલીન થાય છે.

असंभवं हेममृगस्य जन्म तथापि रामो लुलुभे मृगाय।
प्रायः समासन्नविपत्तिकाले धियोपि पुंसा मलिनीभवन्ति
॥३४४॥ (सु०)

સોનાના મૃગનો જન્મ થવો અસંભવ છે. છતાં રામ જેવા મહાપુરૂષને તેવા મૃગલાને માટે લોભ થયો, તેથી જ્યારે આપત્તિનો સમય પાસે આવે છે ત્યારે પુરૂષોની બુદ્ધિ મલીન થઇ જાય છે. ૩૪૪

થોડા ખર્ચે લક્ષ્મી ટકે છે.

आयाच्चतुर्थभागेन व्ययकर्म प्रवर्तयेत् ।
प्रभूततैलदीपो हि चिरं भद्राणि पश्यति ॥ ३४५ ॥
(सु० शा० नी.)

આવકથી ચોથે ભાગે ખર્ચ કરવો, પુષ્કળ જેમાં તેલ છે એવો દીવો ચિરકાળ સુધી ટકે છે કલ્યાણને જુવે છે. તેમજ થોડો ખર્ચ કરવાથી લક્ષ્મી ટકે છે. ૩૪૫

દ્રવ્ય કોણ પેદા કરે છે.

सुवर्णपुष्पां पृथिवीं चिन्वन्ति पुरुषास्त्रयः ।
शूरश्च कृतविद्यश्च यश्च जानाति सेवितुम् ॥ ३४६ ॥
(शा० नी०)

આ જગતમાં સોનાના પુલવાળી પૃથ્વીના સુવર્ણમય પુલો ત્રણ પુરૂષો ચુંટે છે એક તો શૂરવીર, વિદ્વાન અને જે સેવા કરવામાં કુશળ છે તે સારાંશ કે આ ત્રણ પુરૂષોને જ જોઇએ તેટલું ધન મળે છે. ૩૪૬

अपि स्थाणुवदासीनः शुष्यन्परिगतः क्षुधा ।
नत्वेवानात्मसंपन्नाद्वृत्तिमीहेत पंडितः ॥ ३४७ ॥

વિદ્વાન પુરૂષ શંકરની (ઝાડના ઠુંઠા) પેઠે બેસી રહેવું સુકાઇ જવું, ભુખ સહન કરવી વગેરે બાબતોને સારી ગણે છે પરંતુ દુષ્ટલોકોથી પોતાનું ગુજરાન ચલાવવાને તૈયાર થતો નથી. ૩૪૭

નરપશુ અને પશુમાં શો ફેર!

अहितहितविचारशून्यबुद्धेः
श्रुतिनिपुणैर्बहुभिस्तिरस्कृतस्य ।
उदरभरणमात्रकेवलेच्छोः
पुरुषपशोश्च पशोश्च को विशेषः ॥ ३४८ ॥
(शार्ङ्ग०)

અહિત તથા હિતરૂપ વિચારથી શૂન્યબુદ્ધિવાળા અને શાસ્ત્રકુશળ વિદ્વાનોએ તિરસ્કાર કરેલા માત્ર પેટ ભરવાનીજ ઈચ્છા રાખનારા નરપશુ અને પશુમાં શું ફેર છે? કાંઇજ નહિ. ૩૪૮

ધનની વ્યવસ્થા.

अलब्धं चैव लिप्सेत लब्धं रक्षेदवक्षयात् ।
रक्षितं वर्धयेत्सम्यक् वृद्धं दीनेषु निक्षिपेत् ॥ ३४९ ॥
(वि० श०)

ધન ન મળે ત્યાં સુધી તેની ઇચ્છા કરવી. અને મળેલા ધનની ક્ષયથી રક્ષા કરવી. રક્ષણ કરેલા ધનને સારી પેઠે વધારવું અને વધારે ધનને ગરીબોનો ઉપકાર કરવામાં વાપરવું. ૩૪૯

પરમાર્થ શ્રેષ્ઠ છે.

ग्रासोद्गलितसिक्थस्य करिणः किं गतं भवेत्
पिपीलिकातुतेनैव सकुटुंबापि जीवति ॥ ३५० ॥
(प्रसं० २०)

હાથના સીજવેલાં ભાતના પીંડરૂપ ગ્રાસમાંથી કંઈક ખાતાં ખાતાં પડી ગયું તો તેમાં તેનું શું ગયું? પણ તે વડે બીચારી કીડીઓ તો કુટુંબ સાથે જીવે છે. ૩૫૦

હંમેશાં સુખી કોણ?

अनर्थकं विप्रवासं गृहेभ्यः पापै संधिं परदाराभिमर्षम् ।
दंभं स्तैन्यं पैशूनं मद्यपानं न सेवते यश्च सुखी सदैव ।३५१॥
(वि० नी०)

જે પુરૂષ ઘેરથી અનર્થનું કારણ પ્રવાસ, પાપીની સોબત, પરસ્ત્રી ગમન, દંભ, ચોરી, ચાડી અને મદીરા પાન કરતો નથી તેને સદા સુખી જાણવો. ૩૫૧

આવાં લક્ષણવાળો ધનવાન રાજા પણ નિંદાય છે!

नित्यं छेदस्तृणानां क्षितिनखलिखनं पादयोरल्पपूजा
दंतानामल्पशौचं वसनमलिनता रूक्षता मूर्धजानाम्।
द्वे संध्ये चापि निद्रा विवसनशयनं ग्रासहासातिरेकः
स्वांगे पीठं च वाद्यं भवति धनपतेर्भूमिपस्यापि
वाच्यम् ॥ ३५२ ॥

હંમેશાં ઘાસના તણખલાં તોડવાં (ભાંગવાં) જમીન પર નખથી લખવું, પગ બરાબર ધોવા નહીં, દાંતને બરાબર સાફ ન કરે, મેલાં લુગડાં પહેરે, માથાના વાળ બરાબર સુધારે નહિ, સવાર સાંજ સુઈ રહે વસ્ત્ર વગર શયન કરે, ઘણું ખાય તથા ઘણું હસે, પોતાના શરીર પર અથવા પાટલાપર વગાડયા કરે એવાં લક્ષણો ધનવાળા રાજામાં હોય તો તે પણ નિંદા પાત્ર બને છે. ૩૫૨

કોણ કેવો થાય છે તેનું વર્ણન.

अर्थी लाघवमुच्छ्रितो निपतनं कामातुरो लांछनं
निःस्वो वंचनमुन्मना विकलतां दोषाकुलः संशयम् ॥
लुब्धो कीर्तिमसंगरः परिभवं दुष्टोन्यदोषे रतिं
दुर्वागप्रियतां दुरोदरवशः प्राप्नोति कष्टं मुहुः ॥ ३५३ ॥

યાચક માણસ લઘુતા પામે છે, ઘણે ઉંચે ચડેલો આખરે પડે છે, કામાતુર કલંકી થાય છે, નિર્ધન માણસ તિરસ્કારને પાત્ર થાય છે, ઉંચા મનવાળો વૈકલ થાય છે. દોષથી ગભરાયલો સંદેહવાળો થાય છે, લોભીઓ અપજશ પામે છે, યુધ્ધ ન જોનાર યુદ્ધમાં જાય છે ત્યાં તે પરાજય પામે છે, દુષ્ટ માણસ બીજાના દોષ જોવામાં પ્રીતિ રાખે છે, નઠારાં વચનો બોલનાર કોઈનું પણ કલ્યાણ ઈચ્છતો નથી અને જુગારી માણસ વારંવાર દુઃખ ભોગવે છે. ૩૫૩

દરેકનું ભૂષણ શું?

नीतिर्भूमिभुजां नतिर्गुणवतां ह्रीरंगनानां रति
र्दंपत्योः शिशवो गृहस्य कविता बुद्धेः प्रसादो गिराम् ।
लावण्यं वपुषः श्रुतं सुमनसः शांतिर्द्विजस्य क्षमा
शक्तस्य द्रविणं गृहाश्रमवतां स्वास्थ्यं सतां मंडनम् ॥३५४॥

રાજાઓનું ભૂષણ નીતિ છે, ગુણવાનનું ભૂષણ નમ્રતા છે, સ્ત્રીઓનું ભૂષણ લાજ છે, સ્ત્રી પુરૂષનું ભૂષણ પરસ્પર પ્રીતિ છે, ઘરનું ભૂષણ બાળકો છે, બુધ્ધિનું ભૂષણ કવિતા છે, સારા મનનું ભૂષણ શાસ્ત્ર છે, વાણિનું ભૂષણ પ્રસન્નતા

છે, શરીરનું ભૂષણ સુંદરતા છે, બ્રાહ્મણનું ભૂષણ શાંતિ છે, સામર્થ્યવાનનું ભૂષણ ક્ષમા છે, ગૃહસ્થાશ્રમનું ભૂષણ દ્રવ્ય છે, અને સજ્જન પુરૂષનું ભૂષણ સ્વસ્થ થઈને બેસવું તે છે. ૩૫૪

કોણ કોનાથી નાશ પામે છે.

कार्पण्येन यशः क्रुधा गुणचयो दंभेन सत्यं क्षुधा
मर्यादा व्यसनैर्धनं च विपदा स्थैर्यं प्रमादैर्द्विजः।
पैशून्येन कुलं मदेन विनयो दुश्चेष्टया पौरुषं
दारिद्र्येण जनादरो ममतया चात्मप्रकाशो हतः
॥ ३५५ ॥ (सु०)

કૃપણતાથી યશ નાશ પામે છે. ક્રોધથી ગુણનો સમુદાય નાશ પામે છે, દંભથી સત્યતા નાશ પામે છે, ભૂખથી મર્યાદા નાશ પામે છે, વ્યસનોથી ધન નાશ પામે છે, વિપત્તિથી સ્થિરતા નાશ પામે છે, પ્રમાદ વડે બ્રાહ્મણ નાશ પામે છે, ચુગલીખોરપણાવડે કુલ નાશ પામે છે, મદ વડે વિનય નાશ પામે છે, ખરાબ ચેષ્ટાથી પુરૂષાર્થ નાશ પામે છે, દરિદ્રતાથી માણસોમાં મળતો આદરસત્કાર નાશ પામે છે, અને મમતા રાખવાથી પોતાનો પ્રકાશ નાશ પામે છે. ૩૫૫

કોણ કોનું હરણ છે?

जरारुपं हरति हि धैर्यमाशा मृत्युः प्राणान्धर्मचर्यामसूया
कामो ह्रियं वृत्तमनार्यसेवा क्रोधः श्रियं सर्वमेवाभिमानः ।३५६

ઘડપણ રૂપનું હરણ કરે છે, આશા ધીરજને હણે છે, મૃત્યુ પ્રાણને હરે છે, અદેખાઇ ધર્મનું હરણ કરે છે, કામ લાજનું હરણ કરે છે, અસત્પુરૂષની સેવા આપણા સદાચરણને હણે છે, ક્રોધ લક્ષ્મીને હરે છે અને અભિમાન સર્વને હરે છે ૩૫૬

કોણ કોનું ભૂષણ છે.

नभोभूषा पूषा कमलवनभूषा मधुकरो
वचोभूषा सत्यं वरविभवभूषा वितरणम् ।
मनोभूषा मैत्री मधुसमयभूषा मनसिजः
सदोभूषा सूक्तिः सकलगुणभूषा च विनयः ॥३५७॥

સૂર્ય આકાશનું ભૂષણ છે, ભમરો કમળના વનનું ભૂષણ છે, સાચું બોલવું તે વાણીનું ભૂષણ છે, દાન કરવું તે શ્રેષ્ઠ વૈભવનું ભૂષણ છે, મિત્રતા મનનું ભૂષણ છે, કામ દેવ વસંત સમયનું ભૂષણ છે, સારી વાણી સભાનું ભૂષણ છે, અને દરેક ગુણનું ભૂષણ વિનય છે. ૩૫૭

જોઇને ચાલવા વિષે.

दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिबेज्जलम् ।
शास्त्रपूतं वदेद्वाक्यं मनःपूतं समाचरेत् ॥ ३५८ ॥
(चा० नी०)

પ્રથમ નજરથી જોઇને પગ મૂકવો, વસ્ત્રથી ગાળીને પાણી પીવું. શાસ્ત્રને અનુસરીને વાકય બોલવું અને મનથી વિચાર કરી નિર્દોષ હોય તે આચરવું. ૩૫૮

परोपदेशवेलायां शिष्टाः सर्वे भवंति वै ।
विस्मरन्तीह शिष्टत्वं स्वकार्ये समुपस्थिते ॥३५९॥ (सु०)

બીજાને ઉપદેશ આપતી વખતે ઘણા માણસો તૈયાર થાય છે. પરંતુ જ્યારે પોતાનાપર પ્રસંગ આવે છે તે વખતે ડહાપણ વિસરી જવાય છે. ૩૫૯

દ્રવ્યના ચાર ભાગીદાર.

चत्वारो धनदायादा धर्माग्निनृपतस्कराः ।
तेषां ज्येष्ठावमानेन त्रयः कुर्व्यंति बांधवाः ॥ ३६० ॥

ધર્મ, અગ્નિ, રાજા અને ચોર આ ચાર આપણા દ્રવ્યના ભાગીદારો છે તેમાં પહેલા ભાઇનું અપમાન થાય

તો બાકીના ત્રણ ભાઇઓનો ક્રોધ ચઢે છે, માટે ધન હોયને ધર્મ ન કરીયે તે અગ્નિ, રાજા અને ચોર ને હાથ ચાલ્યું જાય માટે અવશ્ય ધર્મ કરવો. ૩૬૦

હાસ્ય પામનાર પુરૂષોનું વર્ણન.

विद्वान् संसदि पाक्षिकः परवशो मानी दरिद्रो गृही ।
द्रव्याढयः कृपणो यतिर्वसुमना वृद्धो विवाहोद्यतः ।
राजा दुःसचिवप्रियः सुकुलजो मूर्खः पुमान् स्त्रीजितो
वेदान्ती हृतसत्क्रियः किमपरं हास्यास्पदं भूतले
॥ ३६१ ॥ (सु०)

સભામાં કોઇનો પણ પક્ષ કરીને બોલનાર વિદ્વાન્ પુરૂષ, પરાધીન રહેલો માની માણુસ, દરિદ્રી ગૃહસ્થાશ્રમી, કૃપણ ધનવાન, દ્રવ્યપર આસકિત રાખનાર સંન્યાસી, પોતે પરણવામાં ઉદ્યોગી ઘરડો માણુસ, નઠારા પ્રધાન પર પ્રીતિ રાખનાર રાજા, સારા કુળવાન કુળમાં જન્મેલો મૂર્ખ, સ્ત્રીઓથી જીતાયલો પુરૂષ, અને સારી ક્રીયા ન કરનાર વેદાંતી માણુસ. આટલા પુરૂષોને આ સંસારમાં લોકો હસે છે. ૩૬૧

ચાલતા ચલણમાં જે કાંઇ કર્યું તે ખરૂં.

प्राप्य चलानधिकाराञ्शत्रुषु मित्रेषु बंधुवर्गेषु ।
नापकृतं नोपकृतं न सत्कृतं किं कृतं तेन ॥ ३६२ ॥ (सु०)

ચલાયમાન અધિકારને મેળવીને જેણે શત્રુઓની ખરાબી ન કરી, મિત્રોને ઉપકાર ન કર્યો, અને પોતાના ભાઇઓનું ભલું ન કર્યું તેણે આ દુનિયામાં શું કર્યું? અર્થાત્ કાંઈજ નહિ. ૩૬૨

મૂર્ખ શ્રોતાઓ આગળ બોલવું મિથ્યા છે.

अप्रतिबुद्धे श्रोतरि वक्तुर्वाक्यं प्रयाति वैफल्यम् ।
नयनविहीने भर्तरि लावण्यमिवेह खंजनाक्षीणाम ॥३६३ ॥
(सु०)

જેમ આંધળો સ્વામી પોતાની ખંજનના (ગલગોટા) જેવા નેત્રવાળી સ્રીનું સૌંદર્ય જોઈ શકતો નથી જેથી તેનું રૂપ તેને મિથ્યા ભાસે છે તેમ જ્યાં સાંભળનારાઓ મૂર્ખ હોય ત્યાં વકતાનું બોલવું પણ મિથ્યા સમજવું. ૩૬૩

સુખી થવાના ઉપાયો

सुहृदि निरंतरचित्ते गुणवति भृत्ये प्रियासु नारीषु ।
स्वामिनि शक्तिसमेते निवेद्य दुःखं जनः सुखी भवति ॥३६४॥

જે માણસ મિત્ર આગળ, હંમેશાં ધ્યાન દઇ સાંભળ-નાર પાસે, ગુણવાન આગળ, ચાકર આગળ, વહાલી સ્ત્રી આગળ, પોતાના સ્વામી (શેઠ) આગળ પોતાનું દુઃખ કહી દે છે તે માણસ અવશ્ય સુખી થાય છે. ૩૬૪

મશ્કરીનું (પરીહાસનું) લક્ષણ

अन्यमुखे दुर्वादो यः प्रियवदने स एव परिहासः।
इतरेन्धनजन्मा यो धूमः सोऽगरुभवो धूपः ॥३६५॥ (सु०)

હસતું મોં રાખીને બીજા સાથે જે દુષ્ટ ભાષણ આડકતરી રીતે કરવું તેનેજ પરિહાસ (મજાક) કહેવાય છે. જેમકે બીજાં લાકડામાંથી પેદા થનાર ધૂમાડાને ધૂમાડોજ કહેવાય પણ તેજ ધૂમાડો જો અગરના કાષ્ટમાંથી પેદા થયો હોય તો તેને ધૂપ કહે છે. ૩૬૫

અધમ પુરૂષને દુઃખ બાધા કરે છે.

अधमं बाधते भूयो दुःखवेगो न तूत्तमम्।
पादद्वयं रुजत्याशु शीतस्पर्शो न चक्षुषी ॥३६६॥ (सु०)

દુઃખનો વેગ અધમ માણસનેજ બાધ કરે છે. પણ ઉત્તમ પુરૂષને બીલકુલ પીડતો નથી. ઠંડીના સ્પર્શથી પગને પીડા થાય છે. પણ આંખને થતી નથી. ૩૬૬

ઉત્તમને પણ અધમ પાસે યાચના કરવી પડે છે.

उत्तमोऽप्यधमस्य स्याद् याञ्चा नम्रकरः कचित् ।
कौस्तुभादीनि रत्नानि ययाचे हरिरंबुधिम् ॥ ३६७॥

કોઇ વખત એવો પણ આવે છે કે ઉત્તમ માણસ પોતાનો હાથ નીચો કરી અધમ માણસની પાસે ભીખ માંગે છે. જુઓકે સાક્ષાત્ પ્રભુએ કૌસ્તુભમણિને માટે સમુદ્ર પાસે પણ યાચના કરવાને હાથ ધર્યો હતો. ૩૬૭

એકઠું કરેલું દ્રવ્ય બીજાને માટેજ છે.

नोपभोगपरानर्थान् कोऽपि संचिनुते चिरम् ।
आखवः किमलंकारानात्मन्याहृत्य कुर्वते ॥ ३६८ ॥

ઘણા લાંબા વખત સુધી ભોગ ભોગવવાને માટે કોઈ પણ પુરૂષ ધન એકઠું કરતો નથી પણ જે માણસ લોભથી ધન એકઠું કરે છે તે બીજાને માટેજ છે એમ સમજવું. ઉંદરો ઘરેણાં ઘસડી લઇ જાય છે તે પોતાના આત્માને શોભાવવા નહિ પણ જેને જડે તેનેજ ઉપયોગમાં લાગે છે.

निकटस्थं गरीयांसमपि लोको न मन्यते ।
पवित्रामपि यन्मर्त्या न नमस्यन्ति जाह्नवीम् ॥३६९॥

દરરોજ પાસે રહેનાર માણસ મોટો ગુણવાન્ હોય તોપણ લોકો તેને મોટો માનતા નથી જાન્હવી ગંગા ઘણી પવિત્ર છે. છતાં પણ તેને કાંઠે રહેનાર માણસો તેના મહિમાને બરાબર ઓળખતા નથી. ૩૬૯

દુઃખી અવશ્ય સુખી થાય છે.

व्यसनानंतरं सौख्यं स्वल्पमप्यधिकं भवेत् ।
काषायरसमास्वाद्य स्वादुतीवांबु विन्दते ॥३७०॥

પ્રથમ જ્યારે દુઃખ આવી જાય છે ત્યારપછી પોતાના કર્મ પ્રમાણે થોડું અથવા તો ઘણું સુખ અવશ્ય મળે છે જો કોઇ તુરી વસ્તુ ખાવામાં આવી હોય ને પછી પાણી પીવામાં આવ્યું હોય તો તે પાણી અવશ્ય મીઠું લાગે છે.

प्रभूतवयसः पुंसो धियः पाकः प्रवर्तते ।
जीर्णस्य चंदनतरोरामोद उपजायते ॥३७१॥

જેમ જેમ માણસોનું વય વધારે થતું જાય તેમ તેમ બુધ્ધિ પાકી થાય છે. ચંદનનું વૃક્ષ જેમ જુનું થાય છે. તેમ તેમાં સુગંધ વધે છે. ૩૭૧

માણસો પોત પોતાનું પાપ કયાં કયાં ધુવે છે.

विद्यातीर्थे जगति विबुधाः साधवः सत्यतीर्थे
गंगातीर्थे मलिनमनसो योगिनो ध्यानतीर्थे

धारातीर्थे धरणिपतयो दानतीर्थे धनाढ्या
लज्जातीर्थे कुलयुवतयः पातकं क्षालयन्ति ॥३७२॥

પંડીત પુરૂષો વિદ્યારૂપી તીર્થમાં પોતાનું પાપ ધુવે છે. સાધુઓ સત્યરૂપ તીર્થમાં પોતાનું પાપ ધુવે છે. મલિન મનવાળા પુરૂષો ગંગાજીમાં પોતાનું પાપ ધુવે છે, યોગીઓ ધ્યાન રૂપ તીર્થમાં પોતાનું પાપ ધુવે છે. રાજાઓ દયા તીર્થમાં પોતાનું પાપ ધુવે છે. ધનવાળા પુરૂષો દાન તીર્થમાં પોતાનું પાપ ધુવે છે. અને કુલીન બાળાઓ લજ્જારૂપ તીર્થમાં પોતાનું પાપ ધુવે છે. ૩૭૨

કોને કોના વિના તત્કાળ મૃત્યુ થાય છે.

साध्वीस्त्रीणां दयितविरहे मानिनां मानभंगे ।
सल्लोकानामपि जनरवे निग्रहे पंडितानाम् ॥
अन्योद्रेके कुटिलमनसां निर्गुणानां विदेशे ।
भृत्याभावे भवति मरणं किं तु संभावितानाम् ॥३७३॥
(सु० र०)

સતી સ્ત્રીઓનું પોતાના સ્વામીના વિયોગમાં તત્કાળ મરણુ થાય છે. માની માણુસોનું માન ભંગ કરવામાં તત્કાળ મરણુ થાય છે. સારા માણુસોનું લોકોના શબ્દ સાંભળવાથી તત્કાળ મરણુ થાય છે. પંડિત માણુસોનું નિગ્રહ કરવામાં

તત્કાળ મરણ થાય છે. કુટીલ મનવાળા માણસોનું બીજા સાથે ઉદ્રેક કરવાથી તત્કાળ મરણ થાય છે. નિર્ગુણી માણસનું પરદેશમાં અને સંભાવિત માણસોને ચાકર વિના તત્કાળ મરણ થાય છે. ૩૭૩

દુર્જનને સમજાવવાના પ્રકારો.

खलानां कंटकानां च द्विविधैव प्रतिक्रिया ।
उपानद् मुखभंगो वा दूरतो वा विसर्जनम् ॥३७४॥
(प्रसंग रत्ना०)

સમજાવ્યા છતાં માથે ચઢેલો દુર્જન તથા કાંટાનું જોડા વડે મુખ ભાંગવું અથવા તો દુરથીજ ત્યાગ કરવો એ બે પ્રકારની પ્રતિક્રિયા છે. ૩૭૪

ઉદ્યોગની સફળતા.

भोक्ता तृप्यति नाभोक्ता गंता गच्छति नागतिः ।
वक्ता वक्ती न चावक्ता पौरुषं सफलं नृणाम् ॥ ३७५ ॥
(यो. वा. मु.)

જમનાર પોતેજ તૃપ્ત થાય છે, નહિ જમનાર તૃપ્ત થતો નથી. ચાલનાર પોતે જાય છે. નહિ ચાલનાર જતો નથી. બોલનાર પોતે બોલે છે. નહિ બોલનાર બોલતો નથી. માટે આ જગતમાં માણસોનો ઉદ્યોગજ સફળ છે. ૩૭૫

તુટેલો પ્રેમ કેવો છે ?

दृढः प्रेमा भग्नः सदसिरिव संधिं न भजते ।
भजेतापि प्रायः स्खलति खलु यत्नैरपि धृतः ॥
स्खलेन्नो चेत्साम्यं भजति न भजेद्वा न भवति ।
च्युताशंकश्चेत्स्यात् स्मृतिमुपगतस्तु व्यथयति ॥३७६॥
(सु० र०)

પ્રથમ જેની સાથે દૃઢ પ્રેમ બંધાયો હોય અને તે જ્યારે તુટે છે. ત્યારે તરવારના ટુકડાઓની પેઠે તે સંધાતો નથી. અને એમ કરતાં જો પાછો બંધાય અને પ્રયત્નથી ધારણ કરી રખાય તો પણ પાછો તુટી જાય છે, અને કદાચને તે ન તુટે તો તેમાં પહેલાના જેવી મઝા રહેતી નથી અને જો આનંદ આવે તો તેમાં શંકાસ્પદમન રહે છે, અર્થાત્ પૂર્વનું વૃતાંત સાંભરે છે અને પાછું દુઃખ પડે છે.

સર્વ વ્યવહાર સત્યથીજ ચાલે છે.

सत्ये कृत्वा प्रतिष्ठां तु प्रवर्तन्ते प्रवृत्तयः ।
सत्यमेव गरीयस्तु शिष्टाचारसमन्वितम् ॥ ३७७ ॥
(म० भा० व०)

તમામ પ્રવૃત્તિઓ સત્યમાં રહીનેજ ચાલે છે. માટે સદાચારવાળું સત્ય આ દુનિયામાં અતિશય શ્રેષ્ઠછે. ૩૭૭

॥ श्री कृष्णार्पणमस्तु ॥